+
ફાઈલનું નામ - LA00g003 . GSS
પુસ્તકનું નામ - ભારતીય ફોજદારી ધારો
લેખક - નૌશીરવાન જાબવાલા
પ્રથમ આવૃત્તિ - ઓગણીસમી આવૃત્તિ ૧૯૯૨ - ૯૩
પ્રકાશક - સી . જમનાદાસની કંપની
મળવાનું ઠેકાણું - D . O . E .
વિભાગ - SOCIAL SCIENCE
ઉપવિભાગ - LAW
કિંમત - રૂપિયા ૧૬ = 00
શબ્દ -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - -
- - - - - - - - - -

વિભાગ - ૨

વિશિષ્ટ ગુનાઓ ( ક . ૧૨૦ - એ થી ૫૧૧ )

પાન નં ૯૫

૩ . લશ્કર , નૌકાદળ અને હવાઈદળને લગતા ગુનાઓ
[ OFFENCE RELATING TO THE ARMY પેટાવિભાગ પાડવામાં આવ્યા છે :

૧ . લશ્કર , નૌકાદળ અને હવાઈદળના માણસોએ કરેલા ગુનામાં મદદગારી : ક . ૧૩૧ થી ૧૩૫
અને ૧૩૮

૨ . લશ્કરમાંથી નાસી જનારાઓને આશ્રય આપવો : ક . ૧૩૬ થી ૧૩૭ .

૩ . લશ્કરી વ્યક્તિનો પોશાક પહેરવો : ક . ૧૪૦ .

## ૧ . સૈનિકો દ્વારા કરવામાં આવેલ ગુનામાં મદદગારી ( ક . ૧૩૧ થી ૧૩૫ અને ૧૩૮ )

**મદદગારી :** ક . ૧૩૧ થી ૧૩૫ અને ૧૩૮ શરતી અનુસાર ખુશકી , નૌકાદળ અને હવાઈદળના
સૈનિકો #
દ્વારા કરવામાં આવેલ ગુનાઓ માટે આ ધારાને આધીન વ્યક્તિઓ વડે કરવામાં આવેલ મદદગારીને શિક્ષાને
પાત્ર બનાવેલ છે . લશ્કરને લશ્કરી કાયદા જેવા કે આર્મી એક્ટ , એક ફોર્સ એક્ટ લાગુ પડે છે . આવા
કાયદાઓ ઘણા જ કડક છે , અને લશ્કરના માણસોએ કરેલ ગુનાઓ માટે આ કાયદાઓ અનુસાર તેમને
શિક્ષા કરવામાં આવે છે . ફોજદારી ધારો તેમના સંબંધમાં લાગુ પડતો નથી . પરંતુ સામાન્ય નાગરિકને
લશ્કરી કાયદા હેઠળ મૂકી શકાય નહિ . આથી લશ્કરના માણસોએ કરેલા ગુનામાં નાગરિકો દ્વારા કરવામાં
આવેલ મદદગારીના કૃત્યઓને આ ધારા મુજબ શિક્ષાપાત્ર ઠરાવ્યું છે . આ ઉપરથી સમજી શકાશે કે જે
વ્યક્તિ #
પોતે લશ્કરી કાયદાઓને આધીન વ્યક્તિઓને તેમની શિસ્ત ભંગ કરવા ઉશ્કેરે અથવા મદદ કરે તે શિક્ષાને
પાત્ર બને છે . વળી , સૈનિકને તેના ઉપરી અધિકારીના

હુકમનો
અનાદર કરવા પ્રેરનાર વ્યક્તિ , ધાડુપાડુ ,
ઠગ , #
આગ લગાડનાર , ભાગી જનાર અથવા ઉડઉગીર
વ્યક્તિઓના કરતાં વધુ કડક શિક્ષાને પાત્ર છે . તેથી
લશ્કરી
ગુનાઓમાં મદદગારી કરનાર વ્યક્તિઓને શિક્ષા કરવાની
જોગવાઈ આ ધારામાં કરવામાં આવી છે . નીચે
જણાવેલા છ પ્રકારના ગુનાઓ એવી મદદગારી લગતા છે :

( ૧ ) બંડ કરવામાં અથવા કોઈ અધિકારી સૈનિક ,
નાવિક અથવા હવાઈદળના સૈનિકને તેની
વફાદારીની #
ફરજમાંથી ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં મદદગારી કરવી : ક
. ૧૩૧ .

( ૨ ) બળવો કરવામાં મદદ કરવી – જો પરિણામે બળવો
થાય તો : ક . ૧૩૨ .

( ૩ ) સૈનિક , નાવિક અથવા હવાઈદળના સૈનિકને તેના
ઉપરી અધિકારી ઉપર , જ્યારે તેની ફરજ
બજાવતો હોય તે દરમિયાન હુમલો કરવામાં મદદગારી કરવી
: ક . ૧૩૩ .

( ૪ ) એવો હુકમ કરવા મદદગારી કરવા અને પરિણામે જો
હુમલો થાય તો : ક . ૧૩૪ .

( ૫ ) કોઈ સૈનિક , નાવિક અગર હવાઈદળના સૈનિકને (

ફરજ પરથી ) નાસી જવામાં મદદગારી
કરવી : #
ક . ૧૩૫ .

( ૬ ) કોઈ સૈનિક , નાવિક અથવા હવાઈદળના સૈનિકને સત્તાનો ( ઉપરી અધિકારીની ) અનાદર
કરવામાં #
મદદગારી કરવી – જો એવી મદદગારીના પરિણામે મદદગારી કરવામાં આવેલ હોય તે કૃત્ય થયું હોય તો :
ક . ૧૩૮ .

પાન નં ૯૬

**૨ . લશ્કરમાંથી નાસી જનારને આશ્રય આપવો ( Harbouring Deserters ) [ ક . ૧૩૬ થી ૧૩૭ ] :**

( ૧ ) લશ્કરમાંથી બાગી જનારને આશ્રય આપવો : ક . ૧૩૬ . પરંતુ આ કલમ પોતાના પતિને
આશ્રય આપનાર પત્નીને બાબતમાં લાગુ પડતી નથી : ક . ૧૩૬ .

( ૨ ) લશ્કર , નૌકાદળ અથવા હવાઈદળમાંથી ભાગી ગયેલ વ્યક્તિને કોઈ વેપારી વહાણમાં છુપાવી
દેવા #
માટે તેનો કપ્તાન , પોતે આવા છુપાવી દેવા માટે અજ્ઞાત હોય છતાં જવાબદાર છે : ક . ૧૩૭

**૩ . સૈનિક , નાવિક વગેરેનો પહેરવેશ પહેરવો , વગેરે**
( Wearing garb soldier etc . )
**[ ક . ૧૪૦ ] :**

**વિસ્તાર :** ક . ૧૪૦માં દર્શાવેલ ગુનાનું ખરું હાર્દ આરોપીના ઈરાદામાં રહેલું છે . કોઈ ચોક્કસ
ઈરાદા સિવાય કેવળ સૈનિકનાં કપડાં પહેરવાથી આ ગુનો થતો નથી . જેમ કે લશ્કરી ગણવેશ પહેરીને ' અ '
એક દુકાને જાય છે , જો કે લશ્કરી નોકરીમાં નથી . છતાં ઉધાર માલ ખરીદે છે . ' અ ' કયો ગુનો કરે
છે ? જો ' અ ' એ તેણે પહેરલ લશ્કરી ગણવેશના કારણે દુકાનદારને ઉધાર માલ આપવા પ્રેર્યો હોય , તો
ક . ૧૪૦ માં જણાવ્યા મુજબના ગુનાને પાત્ર છે . પરંતુ જો તે ઈરાદો ધરાવતો ન હોય અને ઈરાદા સિવાય
માત્ર લશ્કરી પોષાક પહેર્યો હોય , તો તેણે ગુનો કર્યો નથી . દા . ત . , અભિનેતાઓ અભિનય કરતી
વખતે સૈનિકનો પોશાક પહેરે ત્યારે .
- - - - - - - - - - - - - - - - - - - - - - - - -
- - - - - - - - - - - - -

પાન નં ૧૧૪

પ્રકરણ - ૭

જાહેર નોકરોના કાયદેસર અધિકારનો અનાદર
[ CONTEMPT OF LAWFUL AUTHORITY OF PUBLIC SERVANTS ]
( પ્રકરણ - ૧૦ મું : ક . ૧૭૨ થી ૧૯૦ )

આ દસમાં પ્રકરણમાં ક . ૧૭૨ થી ૧૯૦ સુધીમાં જાહેર નોકરોના કાયદેસરના અધિકારનો અનાદર

કરવા #

વિષે કહેવામાં આવ્યું છે . આ પ્રકરણ નવમા પછી તરત જ , પ્રકરણ – ૯ એ વચમાં દાખલ કર્યા સિવાય મૂકવું જોઈતું હતું . ક . ૧૭૨ થી ૧૯૦ માં જાહેર નોકરોના અધિકારોનો અમલ કરવા હેતુથી વિવિધ

શિક્ષાત્મક #

જોગવાઈઓ યોજવામાં આવેલ છે તથા જાહેર નોકરોને ખોટી માહિતી આપવા અંગે પણ આ જ પ્રકરણમાં જણાવવામાં આવ્યુ . આ બધી જ કલમો અગત્યની નથી . ફક્ત ક . ૧૮૨ અને ૧૮૮ નો ધ્યાનથી અભ્યાસ કરવાનું જરૂરી છે . બાકીની કલનમો ખાસ અગત્યની નહિ હોવાથી તેમનો માત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે .

વળી , આ પ્રકરણના વધુ છ પેટાવિભાગો કરવામાં આવેલ છે , તે નીચે પ્રમાણે છે :

( ૧ ) જાહેર ફરજ બજાવવામાં જાણીજોઈને કસૂર કરવી અથવા બહાનું કાઢવું : ક . ૧૭૨ થી

176 #

અને ૧૮૭ .

( ૨ ) અમુક કાર્યો કરવા જાણીજોઈને ના પાડવી : ક . ૧૭૮ થી ૧૮૦ .

( ૩ ) જોહેર નોકરોને ખોટી માહિતી આપવી : ક . ૧૭૮ થી

૧૮૦ .

( ૪ ) ગેરકાયદેસર રીતે ખોટી માહિતી આપવી : ક . ૧૭૭ , ૧૮૧ – ૧૮૨

( ૫ ) જાહેર નોકરને દાખલ કરવા અથવા તેની અવજ્ઞા કરવી : ક . ૧૮૩ – ૧૮૪ ; ૧૮૬ થી 188 . #

( ૬ ) હાનિની ધમકી આપવી : ક . ૧૮૯ – ૧૯૦ .

**( ૧ ) જાહેર ફરજ બજાવવામાં જાણીજોઈ અથવા જાણીબૂઝીને કસૂર કરવી અથવા બહાનું કાઢવું ( Wilfull Omission or Evasion of the Performance of a Public Duty ( ક . ૧૭૨ થી ૧૭૬ અને ૧૭૮ ) :**

આ વિભાગમાં છ ગુનાઓનો સમાવેશ થાય . છે . તેનો ટૂંકો સાર આ પ્રમાણે છે :

( ૧ ) જાહેર નોકર દ્વારા કોઈ સમન્સ , નોટિસ , હુકમ અથવા કોઈ કાર્યવાહી અંગેની બજવણી થતી રોકવા ગુપ્ત રીતે નાસી જવું : ક . ૧૭૨ .

( ૨ ) સમન્સ અથવા કાર્યવાહી અંગેની કોઈ પણ રીતે બજાવણી થતાં અટકાવે અથવા કોઈ સ્થળે તે #
કાયેદસર રીતે ચોંટાડ્યા પછી તેને દૂર કરે , અથવા

કાયદા અનુસાર કરવામાં આવતી  કોઈ જાહેરાત થતી
 અટકાવે : ક . ૧૭૩ .

 ( ૩ ) સમન્સ , નોટિસ , હુકમ અથવા  જાહેર નોકર દ્વારા
કરવામાં આવેલ જાહેરાતનો અનાદર
 કરીને #
  ગેરહાજર રહે , અથવા હાજર  થઈને ત્યાંથી જવાની
કાયદેસર રજા મળે  તે  પહેલાં જતો રહે : ક . ૧૭૪

 ( ૪ )  જાહેર નોકર  સમક્ષ  કોઈ દસ્તાવેજ રજૂ  કરવા
અથવા સોંપવા  કાયદેસર રીતે બંદાયેલા
  કોઈ વ્યક્તિ #
  એ પ્રમાણે કરવામાં ઈરાદાપૂર્વક કસૂર કરે : ક . ૧૭૫ .

 ( ૫ )  જાહેર નોકરને  કોઈ નોટિસ અથવા માહિતી
આપવામાં અથવા પહોંચાડવામાં ઈરાદાપૂર્વક કસૂર
 કરે : ક . ૧૭૬ .

 ( ૬ )  કોઈ  જાહેર નોકરનો તેની ફરજ બજાવવામાં મદદ
કરવા  કાયદેસર રીતે બંધાયેલા હોય ,
 છતાં #
 એવી મદદ કરવામાં ઈરાદાપૂર્વક કસૂર કરે : ક . ૧૮૭ .

 પાન નં ૧૧૫

**( ૨ ) અમુક કાર્યો કરવા જાણી જોઈ અથવા જાણીબૂઝીને  ના પાડવી ( Wilful Refusal to do Certain Acts ) ( ક . ૧૮૭ થી ૧૯૦ ) :**

( ૧ ) કોઈ જાહેર નોકરે , યોગ્ય રીતે સોગંદ લેવા ફરમાવ્યા છતાં , સોગંદ લેવાની ના પાડવી : ક .
178 . #

( ૨ ) પૂછપરછ કરવાને અધિકૃત કોઈ જાહેર નોકરને જવાબ આપવાની ના પાડવી : ક . ૧૭૯ .

( ૩ ) પોતે કરેલ નિવેદનમાં , કોઈ અધિકૃત અધિકારીએ સહી કરવા ફરમાવ્યા છતાં , સહી કરવાની
ના #
પાડવી : ક . ૧૮૦

## ( ૩ ) જાહેર નોકરને ખોટી માહિતી આપવી ( **Giving False Information to a** Public Servant ) ( ક . ૧૭૭ , ૧૮૧ - ૧૮૨ ) :

ભારતમાં જાહેર નોકરોને ખોટી માહિતી આપવાના ગુના ઘણા જ બનાતા હોય છે . તે વિષે ક . ૧૭૭ , ૧૮૧ અને ૧૮૨ માં ચર્ચા કરવામાં આવી છે . તે પૈકી ક . ૧૮૨ વધુ અગત્યની છે .

( ૧ ) કાયદેસર રીતે માહિતી આપવાને બંધાયેલ વ્યક્તિ જાહેર નોકરને ખોટી માહિતી પૂરી પાડવી
ક . ૧૭૭ .

**દષ્ટાંત :** ( એ ) અ નામનો એક જમીનદાર , તેની જાગીરમાં ખૂન થયું છે એમ જાણવા છતાં

જિલ્લા #
મેજિસ્ટ્રેટને જાણીજોઈને ખોટી માહિતી આપે છે કે થયેલ મરણ અકસ્માત ( સંપદર્શ ) થી થયું છે . તેથી
અ આ કલમમાં જણાવ્યા મુજબના ગુના માટે ગુનેગાર છે .

( બી ) અ એક ગામનો ચોકિયાત છે . તેને માહિતી મળે છે કે મ નામના પાસેના સ્થળે રહેતા એક
શ્રીમંત વેપારીને ત્યાં ધાડ પાડવા અજાણ્યા માણસોની એક ટોળી તેના ગામમાંથી પસાર થઈ છે . બંગાળ
કોડ , રેગ્યુલેશન ૩ , ( ૧૮૨૧ ) ની ક . ૭ ખંડ – ૫ અનુસાર ઉપરના હકીકત ખરી માહિતી વહેલી તકે
નજીકના પોલીસ સ્ટેશને આપવા તે બંધાયેલો હતો . પણ તેણે જાણીજોઈએ પોલીસ અધિકારીને ખોટી માહિતી
આપી કે શંકાસ્પદ વ્યક્તિઓની એક ટોળી તેના ગામમાં થઈને બીજી દિશામાં એક દૂરના સ્થળે ધાડ
પાડવાના #
ઈરાદાથી પસાર થઈ હતી . આથી અ , કલમમાં જણાવ્યા મુજબના ગુના માટે જવાબદાર બને છે .

( ૨ ) પ્રસ્તુત વિષય પર સત્ય કહેવાને કાયદેસર રીતે બંધાયેલ કોઈ વ્યક્તિ જાહેર નોકર
સમક્ષ , અથવા #
સોગંદ લેવડાવવાને અધિકૃત કોઈ વ્યક્તિ સમક્ષ , , સોગંદ ઉપર ખોટું નિવેદન કરે : ક . ૧૮૧ .

( ૩ ) બીજાને હાનિ થાય તેવું કાર્ય જાહેર નોકર કરે એવા ઈરાદાથી તેને ખોટી માહિતી આપવી :
ક . ૧૮૨ . #

આ કલમ અગત્યની છે . જાહેર નોકર પોતાનો અધિકાર બીજાને હાનિ પહોંચાડવા વાપરે એવા ઈરાદાથી
તેને ખોટી માહિતી આપવાના ગુનાની , તે દ્વારા શિક્ષા નિર્દિષ્ટ કરવામાં આવલી છે . તે કલમનું પૃથ્થકરણ
કરીને અત્રે જણાવેલ છે . જેમ કે –

( ક ) કાંઈક કરવા અથવા કસૂર કરવા કે
જે તે જાહેર નોકરે કરવું જોઈતું નહોતું , અથવા
કે જે ખોટી છે એમ કરવું જોઈતું હતું – તેને જે માહિતી આપવામાં
જે કોઈ જાહેર નોકરને તે જાણતો હોય ( અથવા ) આવી હતી
તે સંબંધમાં ખરી હકીકત તે જાણતો
માહિતી આપે – – માનતો હોય ) અને તે હોય તો – અથવા
દ્વારા જાહેર નોકરને ( ખ ) એવા જાહેર નોકરના કાયદેસરના
અધિકારનો ઉપયોગ કરીને કોઈ વ્યક્તિનો હાનિ
કરવા અથવા ત્રાસ પ્રેરવાનો ઈરાદો હોય તો –
તેને ૬ માસ સુધીની કેદ અથવા રૂ . ૧ , ૦૦૦ સુધીનો દંડ અથવા બંને શિક્ષા કરવામાં આવશે : ક . ૧૮૨ .

પાન નં ૧૧૬

**દૃષ્ટાંત :** ( એ ) ‘ અ ’ એક મેજિસ્ટ્રેટને માહિતી આપે કે ‘ મ ’ નામનો તેના હાથ નીચેનો
અમલદાર #
પોતાની ફરજમાં બેદરકારી અથવા ગેરવર્તણુક માટે

ગુનેગાર છે તે એમ જાણે છે કે આ હકીકત ખોટી છે
તથા એ એ પણ જાણે છે કે આવી માહિતી આપવાથી
‘ મ ’ ને ( નોકરીમાંથી ) કમી કરવા મેજિસ્ટ્રેટ
પ્રેરાશે . #
આથી ‘ અ ’ એ આ કલમ મુજબનો અપરાધ કર્યો છે .

( બી ) ‘ અ ’ એક જાહેર નોકરને ખોટી માહિતી આપી
જણાવે છે કે ‘ મ ’ એ મના કરેલું મીઠું
ખાનગી #
સ્થળે રાખ્યું છે . તે જાણે છે કે આ માહિતી ખોટી છે
તથા વધુમાં એ પણ જાણતો હોય છે કે આવી
માહિતીના પરિણામે ‘ મ ’ ના મકાનની તપાસ કરવામાં
આવશે અને તેથી ‘ મ ’ ને કનગડત થશે . તેથી
‘ અ ’ એ
આ કલમ મુજબનો ગુનો કર્યો છે .

( સી ) ‘ અ ’ પોલીસમાં ખોટી માહિતી આપી જણાવે છે કે
અમુક ગામની સીમમાં તેની ઉપર
હુમલો #
કરીને લૂંટી લેવામાં આવ્યો હતો . હુમલો કરનાર પૈકી કોઈનાં
નામ તેમે જણાવ્યાં નહોતાં . પરંતુ તે જાણતો
હતો કે આવી માહિતીને કારણે પોલીસ તપાસ શરૂ કરે કરશે
અને ગામમાં જડતીઓ કરશે અને તેથી
ગ્રામજનો અથવા #
તે પૈકી કેટલાકને પજવણી થશે . તેથી ‘ અ ’ આ કલમ
મુજબના ગુના માટે જવાબદાર બને છે . ક . ૧૮૨ .

ઉપર જણાવેલ ‘ ક ’ અને ‘ ખ ’ ખંડો કાસ નોંધપાત્ર છે .

ખોટી માહિતી આપવાના પરિણામે  તે બે
 પ્રકરાનાં પરિણામો નીપજે  એ જરૂરી  છે . આ પૈકી એકનો
ઈરાદો ધરાવ્યો હોય તો  તે  પણ પૂરતું છે .

 દા . ત . , #
 જો  કોઈ માહિતી આપીને જણાવે કે ઘરને આગ લાગી છે ,
તો  તે  ગુનેગાર બને છે .  તે કિસ્સામાં ખંડ  ( ક )
 લાગુ  પડી શકશે .  જેમ કે –

**સરકાર વિ૦ ગણેશ ( ૧૩ Bom 506 ) -**  ' અ '  એ '
બ ' નામથી બી .  એ ની પરીક્ષા
 આપી હતી , #
 અને ' બ '  ના નામનું પ્રમાણપત્ર મેળવ્યું હતું . ત્યારબાદ '
બ '  એ તેનું નામ  સરકારી નોકરી માટે
 ઉમેદવારની #
 યાદીમાં નોંધવા કલેક્ટરને અરજી કરી હતી . તેણે અરજીની
સાથે આપવામાં આવેલપ્રમાણપત્ર  સામેલ કર્યું
 હતું કે ' બ '  એ ક . ૧૮૨ મુજબનો ગુનો કર્યો છે .

  પણ જો પોલીસ કમિશનરને માહિતી આપવામાં આવે કે '
મ ' નામના પોલિસ અધિકારીએ લાંચ
 લીધી છે .  તે માહિતી ખોટી છે અને  તે આપવામાં
પોલીસ કમિશનરને ' મ ' કમી  કરવા પ્રેરાશે  એમ જાણવા
 છતાં  તે આપવામાં આવી હતી . આ બનાવટમાં ક .
૧૮૨નો ખંડ  ( ખ ) લાગુ  પડશે .

**સરકાર વિ૦ ઈચ્છારામ :**  [ ( 1922 ) 44 All . 647 ] -
આરોપીએ પોલીસને એવી ખોટી
 બાતમી #

આપી હતી કે તેનો ઘોડો છૂટો થઈને નાસી ગયો છે . ખરી હકીકત એમ હતી કે થોડા સમય પહેલાં તેણે
એક ઘોડો વેચી દીધો હતો . ખરીદનારની વિરુદ્ધ કામ ચલાવવામાં આવે એવા ઈરાદાથી તેણે એ બાતમી આપી
હતી . તેની સામેના મુકદ્દમામાં નક્કી થયું હતું કે તેણે આ કલમ મુજબ અપરાધ કર્યા છે .

જ્યારે કોઈએ આપેલી ખોટી માહિતી બેમાંથી એક પરિણામ લાવવાનો તેનો ઈરાદો હોય અથવા
બેમાંથી એક પરિણામ આવશે એવી તેને જાણ હોય ત્યારે આ ક . ૧૮૨ હેઠળ જાહેર નોકરને ખોટી માહિતી
આપ્યાનો ગુનો બને છે . અગાઉ નિર્દેશેલાં બે પરિણામો આ પ્રમાણે છે : ( ૧ ) જાહેર નોકર તેણે જે ન

કરવું #

જોઈતું તે કરવા અથવા જે બાબત અંગે તેને આવી ( ખોટી ) માહિતી આપવામાં આવી હતી તે બાબત
સંબંધમાં ખરી હકીકત જામતો હોત તો તેણે કરવું જોઈએ હતું તેમાં
કસૂર કરવા પ્રેરાય , તથા ( ૨ )

એવા #

જાહેર નોકરના કાયદેસરના અધિકારનો ઉપયોગ કરાવીને કોઈ વ્યક્તિને હાનિ કે ત્રાસ પહોંચે . આ કલમ
હેઠળના પહેલા ભાગ પ્રમઆમેનો ગુનો થવા માટે એવા કૃત્ય કે કસૂરથી કોઈ ત્રીજી વ્યક્તિ ને હાનિ કે ત્રાસ
પહોંચશે એવું બતાવવું જરૂરી નથી .

આરોપી ઉપર ક . ૧૮૨ મુજબનો આરોપ મૂકવામાં આવે તો ફરિયાદ પક્ષે સાબિત કરવું જોઈએ કે

( ૧ ) જેને માહિતી આપવામાં આવી હતી  તે વ્યક્તિ જાહેર નોકર હતી ;

( ૨ ) આરોપીએ  તે  જાહેર નોકરને માહિતી આપી હતી ;

પાન નં ૧૧૭

( ૩ )  તે માહિતી ખોટી હતી ;

( ૪ ) આરોપી માનતો હતો અથવા જાણતો હતો કે તેણે માહિતી આપી ત્યારે  તે ખોટી હતી ; અને

( ૫ ) આરોપીનો ઈરાદો હતો અથવા  તે જાણતો હતો કે તેથી  કોઈ  જાહેર નોકર  કાંઈક કરવા

અથવા #

નહિ કરવા પ્રેરાશે અથવા પ્રેરાવા સંભવ છે કે  જે  તે જાહેર નોકર , જો ખરી હકીકત જાણતો હોત તો કરત

નહિ અથવા  નહિ કરવાની કસૂર કરત  નહિ અથવા  કાં તો તેનો

ઈરાદો હતો કે જાણતો હતો કે  એમ

કરવાથી  એ  જાહેર નોકર ,  કોઈ વ્યક્તિને હાનિ અથવા ત્રાસ થાય  એ રીતે  પોતાના કાયદેસરના અધિકારનો ઉપયોગ કરવા પ્રેરાશે અથવા  એમ કરવા પ્રેરવાનો સંભવ છે .

## ( ૪ )  ગેરકાયદેસર રીતે મિલકત ખરીદવી અથવા હરાજીમાં બોલી કરવી ( Illegal

Purchase or Bid for Property ) ( ક . ૧૮૫ ) :

જાહેર નોકરના હુકમથી વેચવા માટે પ્રસ્તુત કરવામાં આવેલ કોઈ મિલકત કોઈ વ્યક્તિના બદલે એ વ્યક્તિ પોતે અથવા બીજો કોઈ , કે જે એવા વેચાણમાં તે મિલકત ખરીદવા કાયદેસર રીતે અસમર્થ હોય , છતાં તેની ગેરકાયદેસર રીતે ખરીદી કરે અથવા હરાજીમાં બોલી કરે , અથવા હરાજીમાંથી ઉત્પન્ન થતી

પોતાની #

જવાબદારીઓ પરિપૂર્ણ કરવા ઈચ્છા ધરાવતો ન હોય અને છતાં એવી મિલકતની બોલી કરે : ક . ૧૮૫ .

**( ૫ ) જાહેર નોકરને દખલ કરવી અથવા તેની અવજ્ઞા કરવી ( Obstructing or Disobeying a Public Servant ) ( ક . ૧૮૩ - ૧૮૩ , ૧૮૬ થી ૧૮૮ ) :**

આ વિભાગમાં પાંચ ગુનાઓ છે . જેમ કે - -

( ૧ ) જાહેર નોકરના કાયદેસરના હુકમ કોઈ મિલકત લેતી વખતે સામા થવું : ક . ૧૮૩ .

‘ સામા થવું ’ એટલે સક્રિય રીતે શારીરિક અડચણ કરવી . ફક્ત મિલકત સોંપવાનો ઈન્કાર કરવો

અથવા #

દખલ કરવાની ધમકી આપવાથી આ કલમ મુજબ સામા થયેલ છે એમ કહી ન શકાય . તેથી જો

કાયદેસરના #

હુકમોનો અમલ કરવાનો પ્રયત્ન કરનાર  કોઈ પોલીસ અધિકારીને  કોઈ વ્યક્તિ ઈજા કરવાની ધમકી  આપે તો એવા ગુનાનો સમાવેશ ક . ૧૮૩ માં થતો નથી .  પણ ક . ૧૮૬ મુજબનો કદાચિત  તે ગુનો બની  શકે .

( ૨ )  જાહેર નોકરના કાયદેસરના હુકમ અનુસાર વેચવા માટે  પ્રસ્તુત કરેલી  કોઈ મિલકતનું
વેચાણ #
કરવામાં દખલ કરવી : ક . ૧૮૪ .

( ૩ )  જાહેર નોકરને તેનાં કાર્યો બજાવવામાં દખલ કરવી : ક . ૧૮૬ .

( ૪ )  કાયદેસર રીતે મદદ કરવા બંધાયેલ હોય  તેમ છતાં જાહેર નોકરને તેની ફરજ બજાવવાના
કાર્યમાં #
મદદ કરવામાં ઈરાદાપૂર્વક કસૂર હોવી : ક . ૧૮૭ .

( ૫ )  જાહેર નોકર દ્વારા યોગ્ય રીતે  જાહેર કરવામાં આવેલ  કોઈ હુકમ ,  જે  જાહેર કરવાનો કાયદા
મુજબ #
તેને અધિકાર હોય , તેની જાણીજોઈને અવજ્ઞા કરવી : ક . ૧૮૮ .

હુકમની અવજ્ઞા કરવાના  એ કાર્યથી , જો  કાયદેસર રીતે નિયુક્ત કકરવામાં આવેલ વ્યક્તિને દખલ
થાય #
અથવા હાનિ થવા સંભવ હોય , તો  તે માટે એક  માસની

સાદી કેદ , અથવા રૂ . ૨૨ સુધીનો દંડ અથવા
બંને પ્રકારની શિક્ષા થઈ શકે . પણ જો તેથી હુલ્લડ
થવા , અથવા બખેડો થવા , અથવા મનુષ્યની જિંદગી ,
તંદુરસ્તી યા સલામતીને ભય પેદા થાય તેમ હોય , તો તે
( કોઈ પણ પ્રકારની ) છ માસ સુધીની કેદ
અથવા #
રૂ . ૧ , ૦૦૦ સુધીનો દંડ અગર બંને શિક્ષા કરી શકાય :
ક . ૧૮૮ .

દૃષ્ટાંત : કાયદેસર રીતે હુકમ કરવાને અધિકૃત એક
જાહેર નોકર દ્વારા હુકમ જાહેર કરવામાં
આવ્યો #
હતો કે ધાર્મિક સરઘસે અમુકશેરીમાં થઈને પસાર થવું
નહિ . છતાં ' જાણીજોઈને તે હુકમનો ભંગ કરે છે
અને તેથી હુલ્લડ થવાનો ડર પેદા થાય છે . ' અ ' આ
કલમમાં જણાવ્યા મુજબનો ગુનો કરે છે : ક .
188 #



ક . ૧૮૮ મુજબનો ગુનો પુરવાર કરવા માટે બતાવવું જરૂરી
છે કે –

( ૧ ) જાહેર નોકર દ્વારા યોગ્ય રીતે હુકમ જાહેર કરવામાં
આવ્યો હતો ;

( ૨ ) તે હુકમ કાયદેસર હતો ;

( ૩ ) તે જાહેર નોકર એવો હુકમ જાહેર કરવાને ( અધિકૃત ) સમર્થ હતો ;

( ૪ ) તે હુકમ , ખરેખર આરોપીના ધ્યાન ઉપર લાવવામાં આવ્યો હતો ;

( જે હુકમની અવજ્ઞા કરવા માટે આરોપી પર તહોમત મૂકવામાં આવ્યું હોય તે હુકમની તેને જાણ હતી એવો પુરાવો રજૂ કરવાનું જરૂરી છે . ફક્ત હુકમ જાહેર કર્યાની સામાન્ય જાહેરાતની સાબિતી પૂરતી નથી . ) #

( ૫ ) એ રીતે જાહેર કરવામાં આવેલ હુકમની અવજ્ઞા કરી હતી ; અને

( ૬ ) એ અવજ્ઞાથી આ કલમમાં જણાવ્યા મુજબનાં એક અથવા વધુ પરિણામો નીપજ્યાં હતાં
અથવા #
તેમ થવાનો સંભવ હતો .

માત્ર કોઈ હુકમની અવજ્ઞા કરે એ ગુનો નથી , પરંતુ તે માટે બતાવવું જરૂરી છે કે એવા
અનાદરને #
કારણે અમુક પરિણામો ઉત્પન્ન થાય તેમ છે .

**( ૬ ) હાનિની ધમકી આપવી ( Threat of Injury ) ( ક . ૧૮૯ - ૧૯૦ ) :**

( ૧ ) જાહેર નોકર અથવા તેનું જેમાં હિય છે એમ માનવામાં આવતું હોય એવી વ્યક્તિને હાનિની ધમકી આપવી અને એવી ધમકી આપવાનો આશય જાહેર નોકરને પોતાની ફરજનું કાર્ય ન કરવાની ફરજ પાડવાનો અથવા એ કરતાં અટકાવવાનો હોય : ક . ૧૮૯ .

( ૨ ) કોઈ વ્યક્તિ , જાહેર નોકરનું રક્ષણ મેળવવાનો પ્રયાસ કરતાં અટકી જાય તે આશયથી તેને

હાનિની #

ધમકી આપવી : ક . ૧૯૦ .

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

પાન નં ૧૪૬

પ્રકરણ - ૧૨

ધર્મને લગતા ગુનાઓ
[ OFFENCES RELATING TO RILIGION ]

( પ્રકરણ - ૧૫મું : ક . ૨૯૫ થી ૨૯૮ )

**પ્ર . ૧૫માં રહેલો સિદ્ધાંત** : આ પ્રકરણ એવા સિદ્ધાંત ઉપર રચવામાં આવ્યું છે કે જે અનુસાર બધા દેશોની સરકારો કૃત્ય કરે એ ઈચ્છવાયોગ્ય છે . તેમાંય ખાસ કરીને ભારતીય સરકાર , સમાજનું

વિચ્છેદન #
કરવાનું જોખમ વહોર્યા સિવાય એ મુજબ વર્તવામાંથી ચલિત થઈ શકે નહિ . સિદ્ધાંત એ છે કે દરેક
વ્યક્તિને પોતાનો ધર્મ પાળવાની છૂટ હોવી જોઈએ અને કોઈ વ્યક્તિને બીજા ધર્મનું અપમાન કરવા
દેવાય નહિ .

ધર્મને લગતા પાંચ ગૂનાઓ અંગે ફોજદારી ધારામાં જોગવાઈ કરવામાં આવી છે . તેનો ટૂંકસાર નીચે
પ્રમાણે છે :

( ૧ ) કોઈ વર્ગની વ્યક્તિઓના ધર્મનું અપમાન કરવાના ઈરાદાથી કોઈ ધાર્મિક સ્થળનો અથવા
તેમણે #
પવિત્ર માનેલ કોઈ વસ્તુનો નાશ કરવો , નુકસાન કરવું અથવા તેને અપવિત્ર કરવી ( શિક્ષા – બે વર્ષ
સુધીની #
કેદ , અથવા દંડ અગર બંને ) : ક . ૨૯૫ .

**પવિત્ર વસ્તુ :** તેમાં સજીવ પ્રાણીઓ , જેવાં કે પવિત્ર આખલો વગેરેનો સમાવેશ થતો નથી . પરંતુ ,
તેમાં નિર્જીવ વસ્તુઓ , જેવી કે દેવળો , મસ્જિદો , મંદિરો , આરસ અથવા પથ્થરની દેવ તરીકે ગણવામાં
આવતી મૂર્તિઓ વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે . કોઈ વસ્તુ સાવ ક્ષુલ્લક હોય અને એનું પોતાનું
કોઈ વાસ્તવિક મૂલ્ય હોય નહિ , પરંતુ વ્યક્તિઓનો કોઈ વર્ગ એ વસ્તુને પવિત્ર માનતો હોય , તો એ
વસ્તુ #

આ કલમના અર્થમાં આવી જશે . વળી એ પણ એકદમ જરૂરી નથી કે પવિત્ર ગણાવા માટે વસ્તુનું વાસ્તવમાં પૂજન થતું હોવું જોઈએ .

**અપવિત્ર કરવું :** અપવિત્ર કરવું શબ્દ , પ્રાર્થના કરવાની વસ્તુને અસ્વચ્છ કરવાના સંકુચિત અર્થમાં વપરાયો નથી . પણ ધાર્મિક પદાર્થને શાસ્ત્રવિધિ અનુસાર પૂજા કરવા માટે અપવિત્ર બનાવવો એવો અર્થ થાય છે .

( ૨ ) ભારતના નાગરિકોના કોઈ વર્ગની ધાર્મિક લાગણીઓ દુભાવવાના હેતુપૂર્વકના બદઇરાદાથી

લેખિત #

અથવા મૌખિક શબ્દોથી , અથવા નિશાનીઓથી , અગર દૃશ્યનિરૂપણ દ્વારા યા બીજી કોઈ રીતે એ વર્ગની ધાર્મિક માન્યાતાઓનું અથવા ધર્મનું અપમાન કરવું અથવા અપમાન કરવાનો પ્રયત્ન કરવો : ક . ૨૯૫ –

એ . #

( શિક્ષા – ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ , અથવા બંને )

અહીં , ક . ૧૫૩ – એની યાદ આપવાની જરૂર છે . તેમાં જુદાં જુદાં જૂથો વચ્ચે દુશ્મનાવટ ઉત્પન્ન

કરવા #

સંબંધમાં જણાવવામાં આવ્યું છે તેવી જ રીતે આ કલમ પણ નવી છે . તે અનુસાર , કોઈ ધર્મ અથવા તેના સંસ્થાપક ઉપર કરવામાં આવતા અશ્લીલ , નિંદાત્મક અને હલકા પ્રકારના હુમલાનાં કાર્યોને શિક્ષાને

પાત્ર બનાવેલ છે .

( ૩ ) કોઈ ધાર્મિક પૂજન અથવા ક્રિયા કરવા કાયદેસર રીતે એકત્રિત થયેલી મંડળીમાં તે

દરમિયાન #

સ્વેચ્છાપૂર્વક વિક્ષેપ કરવો . ( શિક્ષા – એક વર્ષ સુધીની કેદ , દંડ અથવા બંને ) : ક . ૨૯૬ .



( ૪ ) કોઈ વ્યક્તિ ધાર્મિક લાગણી દુભાવવાના અથવા અપમાન કરવાના ઈરાદાથી , અથવા કોઈ વ્યક્તિની લાગણીઓ દુભાવાને સંભવ છે એવું જાણીને ધાર્મિક અથવા અંતિમ ક્રિયા કરવાના સ્થળમાં પ્રવેશ કરવો અથવા કોઈ મૃતદેહ પરત્વે ગેરવર્તન કરવું , અગર કોઈની અંતિમ ક્રિયા કરતી વ્યક્તિઓને

ખલેલ #

કરવી : ક . ૨૯૭ .

અહીં ‘ પ્રવેશ ’ શબ્દનો અર્થ ક . ૪૪૧માં જણાવ્યા મુજબનો કાયદેસર અર્થ સમજવાનો નથી . પરંતુ ઉપર જણાવેલ ઈરાદાથી અથવા જ્ઞાનસહિતના કોઈ પણ પ્રકારના સામાન્ય પ્રવેશના કૃત્યોને આ કલમમાં સમાવેશ થાય છે .

( ૫ ) કોઈની ધાર્મિક લાગણી દુભાવવાના હેતુપૂર્વકના ઈરાદાથી કોઈ શબ્દ બોલવો , અથવા તેને સંભળાય એવી રીતે કોઈ અવાજ કરવો અથવા તેને દેખાય

એવી રીતે કોઈ ચાળો કરવો , અથવા કાંઈક
વસ્તુ પ્રદર્શિત કરવી : ક . ૨૯૮ .

આવો ઈરાદો હેતુપૂર્વકનો એટલે કે પૂર્વચિંતિત હોવો જોઈએ .
ધાર્મિક લાગણી દુભાવવાનો હેતુપૂર્વકનો
ઈરાદો હોવો એ આ કલમ અન્વયેના ગુનાનો સાર છે .
આરોપીના વર્તન અને વાણી ઉપરથી એવા ઈરાદા
વિષે અનુમાન કરી શકાય .
*
- - - - - - - - - - - - - - - - - - - - - - - - -
- - - - - - - - - - - -